


પ્રખર પ્રવચનકાર
પૂ. આચાર્યદેવ
રાજયશ
સૂ.મ.સા.ના
સોલારોડ
શિબિરમાં
થયેલ પ્રવચન

# ૨. શાસનનો યુવાન
# યુવાનનું શાસન




જિનકી લબ્ધિ સે વિકસિત હૈ,
ભારત કા યહ દેશ યહ હમારા ।
લબ્ધિસૂરીશ્વર
ગુરુવર પ્યારા,
વંદન ઉનકો કોટિ હમારા ।।




પૂ. લબ્ધિસૂરિ મ.સા.

ભક્તામર કી ભવ્ય પ્રભાએં,
ફૈલાયી હૈ જગ મેં સારે ।
ઐસે ગુરુવર નયનો કે તારે,
વિક્રમસૂરીશ્વર
પ્રાણોં સે પ્યારે ।।



પૂ. વિક્રમસૂરિ મ.સા.

જિનશાસન ગગને રાજ સુહાયા,
લબ્ધિ-વિક્રમ અમીવર્ષા પાયા ।
જિર્ણોદ્ધારક ગુરુવર પાયા,
રાજયશસૂરીશ્વર
હૈયાહારા ।।



પૂ. રાજયશસૂરિ મ.સા.

લબ્ધિ વિક્રમ નગર

★ સોલારોડ સંઘના ઉપક્રમે ★

: શિબિર પ્રવચનકાર :

શ્રી લબ્ધિ-વિક્રમ ગુરુકૃપા પ્રાપ્ત

પૂ.પા. આચાર્યદેવ

રાજયશસૂરીશ્વરજી મ.સા.

: અવતરણકારિકા :

પૂ.સા. શુભ્રાંશુયશાશ્રીજી મ.

: દ્વિતીય શિબિર :

તા. ૨૪-૭-૨૦૧૬, રવિવાર, વિ.સં. ૨૦૭૨

: :

★ **અનેરો જિનધર્મ :**

**"ધર્મો બધા છે જગમાં, જિન ધર્મ છે અનેરો,**
**શાસન નામે ગવાયો, પાળે બને સવાયો"**

વિશ્વનો મહાન ચિંતા અને લેખક, જેના ચિંતનથી અંગ્રેજી સાહિત્યભર્યું પડ્યું છે એવા જ્યોર્જ બર્નાડ શો. એમને જૈન ધર્મના સમાચાર મળ્યા, જૈન ધર્મ વિષે વિગતો જાણવા મળી, જૈન ધર્મની માન્યતાઓ જાણવા મળી. આ બધી માહિતિ **મહાત્મા ગાંધીજી**ના પુત્ર પાસેથી જાણવા મળી. આ બધું સમજ્યા પછી જૈન ધર્મ માટે એના હૃદયમાં સમાદર પ્રગટ થયો. બર્નાડ શો લખે છે કે જૈનધર્મને જાણ્યા પછી હું પુનર્જન્મમાં માનતો થયો છું. જો કે હું એટલો બધો આસ્તિક નથી છતાં પણ ઈચ્છું છું કે **જો પુનર્જન્મ હોય તો હવે પછી મારો જન્મ જૈનધર્મમાં થાવ.**

**જૈનધર્મના સિદ્ધાંતો** અપને આપમાં અનેરા છે, જૈનધર્મના આચારો વિશ્વના સર્વ ધર્મ કરતાં અનેરા છે, જૈનધર્મની પાલના કરનારા શ્રાવકો પણ

ચુસ્ત આચાર પાળતાં હોય તો એનું વ્યક્તિત્વ પણ અનેરું છે. જૈન સાધુઓ તો આ વિશ્વમાં સહુથી ન્યારા છે. અનેરા છે. આ ધર્મનું શાસન પણ અનેરું છે. **શાસનનો યુવાન** પણ અનેરો હોય અને આવા શાસનને પામેલ યુવાન પોતાના પર શાસન કરે એ પણ અનેરું હોય...

આવા **શાસનના યુવાનની અને યુવાનના શાસનની** આપણે વાત કરવી છે, એના પર ચિંતન કરવું છે.

**"જ્યોર્જ બર્નાડ શો"**ની વાત સાંભળી એક જૈન યુવાન મને પૂછવા આવ્યો કે, મહારાજ! પૂર્વ જન્મમાં હું બર્નાડ શો હતો કે નહીં તે તમે કહો ને? મેં કહ્યું તું એવું જ માની લેને કે, હું બર્નાડ શો જ હતો અને આવું માન્યા પછી જીવનની એક ક્ષણને પણ તારે બગાડવા જેવી નથી, પૂર્વ જન્મમાં જે ધર્મની તે ઈચ્છા કરી એ જન્મ મળ્યા પછી તો આ જૈન શાસન પાછળ તારે જીવનને કેવું અર્પણ - સમર્પણ કરવું જોઈએ?

મનુષ્યનું આયુષ્ય તો ઘાસ પર રહેલા પાણીના બિંદુ જેવું ક્ષણિક છે અને એમાં ય યુવાની તો વધુ ક્ષણિક છે. એનું બીજું નામ **જવાની** એ જવા વાળી છે માટે જ એને જવાની કહે છે. **જવાની જાય એ પહેલા યુવાનીને સફળ કરી લેજો.**

ઘડપણ કોઈને ગમતું નથી અને એ આવ્યા વગર રહેતું નથી, ઘડપણમાં ભોગની ઈચ્છાઓ શાંત થતી નથી.

**★ વિશ્વાસ ના કરજો...**

હમણાં જ એક ન્યૂઝ પેપરમાં વાંચ્યું કે અમેરિકાના ટેનેસી રાજ્યમાં આલ્મડા એરેલ નામના ૭૧ વર્ષના દાદીમા પર ભયંકર આપત્તિ આવી પડી. તેમનો દીકરો ડાયાબીટીસના કારણે મૃત્યુ પામ્યો. દીકરાને અંતિમ વિધિ માટે કબ્રસ્તાનમાં લઈ ગયા અને ત્યાં એવી એક વાત બની કે જે આપણે કલ્પી પણ ન શકીએ ? એ વાત જાણીને થાય કે ખરેખર તીર્થંકર પરમાત્માએ કહ્યું કે, વિષય કષાય અને ઈચ્છાઓનો વિશ્વાસ ના કરવો એ અક્ષરક્ષઃ સત્ય છે.

એ કબ્રસ્તાનમાં ગેરી હાર્ડવિહ નામનો ૧૭ વર્ષનો ટીનેજર આવ્યો. ૭૦ વર્ષના દાદીમા અને ૧૭ વર્ષના ટીનેજરની દ્રષ્ટિ સામસામે મળી અને બન્નેને એકબીજા સાથે પ્રેમ થઈ ગયો.

જે ઉંમરે ભોગ સુખથી વિરમવા માટે મનુષ્ય પ્રયત્ન કરે, જે ઉંમરે મનુષ્ય પરમાત્માનું સ્મરણ કરી પરભવને સુધારવા યોગને સ્વીકારે. જે ઉંમરમાં મનુષ્યને શારીરિક શક્તિ ક્ષીણ થતાં વૈરાગ્ય જાગે. સંસારની અસારતા સમજાય, એ વૃદ્ધ ઉંમરે લગ્ન કરવાનું મન થાય અને એ પણ એક સ્ત્રીને. **આ સંસારની વિચિત્રતા કે કલિકાલનો પ્રભાવ ? કે પછી પશ્ચાત્ય સંસ્કૃતિનો દુષ્પ્રભાવ ?**

એ યુવાન અને વૃદ્ધાએ માત્ર દોઢ મહિનામાં જ લગ્ન કરી લીધા.

આપણે વ્યક્તિગત કોઈનોય ધિક્કાર નથી કરવો પણ જેઓએ જ્ઞાન માટે, સમાજ માટે, ધર્મ માટે પોતાના આત્મકલ્યાણ માટે આવા ભોગ

સુખને અનુકૂળતા હોવા છતાં પણ ન સ્વીકાર્યા તેઓને આપણે અંતરથી સત્કારીએ તો ખરા ?

જેઓએ ભારતીય સંસ્કૃતિની ત્યાગ ધારાને... વૈરાગ્યની ધારાને સ્વીકારી સાધુ-સંત તથા ઋષિ મહર્ષિના ઉપદેશને આત્મસાત્ કર્યો એવા યુવાનોને અંતરથી વધાવીએ...

અને એમના જેવું બળ મેળવવા મન કેળવવા શક્તિમાન બનીએ.

ભોગ માટે આપણી પાસે મનોરથ છે, યોગ માટે નથી. જૈનધર્મ અનેરો સમજાય તો ભોગને બદલે ત્યાગમાં કેવો આનંદ આવે ?

★ **આઈકાન્ટ અફર્ટ ધી મેરેજ :**

આજથી ત્રીસ વર્ષ પહેલાંની વાત કરું છુ. વીસ વર્ષનો એ છોકરો. આપણે એને શૈલેશના નામે ઓળખીશું. એ જમાનામાં ભારતમાં એમ.બી.એ ની બે જ કોલેજ હતી. એક હૈદ્રાબાદમાં, બીજી અમદાવાદમાં, વીસ વર્ષનો શૈલેશે એમ.બી.એ.ની કોલેજમાં પ્રોફેસર હતો. લેકચરર હતો. એ મને મળ્યો ત્યારે મેં આશ્ચર્ય પામી કહ્યું, વીસ વર્ષની

ઉંમરમાં પ્રોફેસર ? એણે કહ્યું મેં તેર વર્ષની ઉમરે એસ.એસ.સી. પાસ કરી અને પંદર વર્ષે ગ્રેજ્યુએટ થયો. શૈલેશ કહે હું કોઈપણ બુક જોઉ, નવું જ્ઞાન મળે એવું પુસ્તક જોઈ ગાંડો થઈ જાઉ. **જેને સાચી જ્ઞાનની ધૂન લાગી છે તે યુવાન છે અને યુવાનીમાં પણ ભોગ-સુખના વ્યસન લાગ્યા હોય તો તે ઘરડો છે.**

શૈલેશના માતા-પિતા મને પહેલા મલી ગયા હતા અને મને કહીને ગયેલ કે મહારાજ આ છોકરાને લગ્ન કરવા સમજાવોને ? અને એટલા માટે જ માં-બાપે મારી પાસે મોકલેલ હતો. વાત-વાતમાં મેં એને પૂછયું કે, તે લગ્ન કેમ કર્યા નથી ?

**★ એ કહે " આઈ કાન્ટ એફર્ટ મેરેજ" :**

મને લગ્ન પોષાય તેમ નથી. રોજના બાવીસ કલાક મારા ભણવા-ભણાવવા અને વાંચનમાં જાય છે. હું લગ્ન કરીને પત્નીને સાચવી શકું નહીં. નવ પરિણીત સ્ત્રીના અનેક સ્વપ્ના હોય, મનોરથ હોય, આશાઓ અને ઈચ્છાઓ હોય એને હું પૂર્ણ

કરી શકું તેમ નથી. લગ્ન કરીને હું કોઈપણ સ્ત્રીને અન્યાય કરવા ઈચ્છતો નથી. **લગ્ન કરીએ એટલે આપણી ઘણી ખરી જીંદગી એની પાછળ આપવી પડે.**

**★ ફુલ ટાઈમ જોબ :**

એક વેપારી યુવાન મારી પાસે આવ્યો મેં પૂછયું, તું શું કરે છે ? એ કહે જોબ મળી ગઈ છે. મેં કહ્યું તું તો વેપારી છે, તારે શાની જોબ ? એ કહે **લગ્ન થઈ ગયા એટલે ફૂલ ટાઈમ જોબ.** લગ્ન થાય એટલે પત્નીની સેવામાં રહેવું જ પડે. તમારી પાસે એવું વીઝન આવવું જોઈએ જેનાથી તમે લક્ષ્ય નક્કી કરી શકો. ખોટા એડ્રેસવાળો કાગળ જેમ અનેક જગ્યાએ ફર્યા કરે તેમ કેટલાયનું પોતાના જીવન પર ખોટું એડ્રેસ લખાય જાય છે અને એ પછી જીવનમાં કૂટાય છે, અથડાય છે. જૈનો પક્ષપાતી નથી. બીજા ધર્મ સારા નથી એમ કહેવું નથી પણ બીજા ધર્મમાં ઝનૂન છે અને તેઓ આતંકવાદી બને છે.

**તેઓનું લક્ષ્ય છે મરીશ અને મારીશ.**
**જૈનનું લક્ષ્ય છે તરીશ અને તારીશ...**
**જૈનનું લક્ષ્ય છે.**
**સ્વ-પરનું કલ્યાણ કરીશ અને કરાવીશ...**

**★ છ ગુણો :**

ગઈ શિબિરમાં આપણે જોયું કે **યુવાન કોણ ?** આજે આપણે જોવું છે કે **શાસનનો યુવાન કેવો હોય ?** શાસનના યુવાનમાં છ ગુણો હોવા જરૂરી છે.

**(૧) શાસન પ્રત્યે વફાદારી**
**(૨) સુવિશુદ્ધ બ્રહ્મચારી (૩) પ્રકૃષ્ટ પ્રજ્ઞાધારી**
**(૪) પ્રામાણિકતાધારી (૫) વક્તૃત્વ કલાધારી**
**(૬) દૃઢ નિશ્ચયધારી**

**★ ધન્યવાદ એ યુવકને :**

મારે **શાસનના યુવાન**ની વાત કરવી છે. માત્ર ભોગ-સુખમાં તમે ન જાવ તો તમારું જીવન ઉજ્જવલ બને.

વિશ્વ વિખ્યાત જૈનોનું **આબુ તીર્થ. વસ્તુપાલ-તેજપાલ** અને **અનુપમા દેવીએ** બનાવેલ અદ્‌ભુત

કોતરણીવાળા દેરાસરોથી જે તીર્થની નામના વિશેષ થયેલ. આવા આબુના પહાડ પર ધોધમાર વરસાદ હવાના તોફાન સાથે પડી રહ્યો છે, જાણે પ્રકૃતિએ તાંડવ કર્યું હોય એવું ભયંકર વાતાવરણ સર્જાયું છે. આવી પ્રાકૃતિક આફતમાં બસો-અઢીસો યુવાનો ફસાયા છે. તેમના ટેન્ટ ઉડી ગયા છે. થોડો સમય વરસાદ વધારે પડે તો એ યુવાનોનું શું થાય એ ડરામણો કલ્પનાનો વિષય છે. જૈન યુવાનોની સર્વ પ્રથમ એ શિબિર હતી, તદ્દન નવો પ્રયોગ અને નવું સમાયોજન ઉત્સાહી યુવા સાધુ **ભાનુવિજયજી** (હાલના **ભુવનભાનુસૂરિ મ.સા.**) કરેલ. તેઓ પણ ચિંતામાં હતા. કુદરતી આફત અને પ્રાકૃતિક તાંડવને નાથવાની મનુષ્યની શક્તિ કેટલી ? શક્તિમાન મનુષ્ય પણ ત્યાં વામણો બની જાય. પરંતુ આવા પ્રાકૃતિક તોફાન વચ્ચે એક શિબિરાર્થીને વિચાર આવ્યો **પ્રભુ પ્રાર્થના અને મનનો સંકલ્પ જ કદાચ આના પર કામ કરી શકશે** અને ઓગણીસ વર્ષના એ યુવાને સંકલ્પ

કર્યો પ્રતિજ્ઞા કરી કે આ તોફાન શાંત થઈ જશે તો આજીવન બ્રહ્મચર્યનું પાલન કરીશ. આખી જીંદગી ઘી નો ત્યાગ કરીશ. મારા ગુરુ મહારાજની શિબિર ચાલે છે તો વિઘ્ન નિવારવા હું આટલું ના કરું ?

**ગુરુને સમર્પિત, શાસનને સમર્પિત સાધર્મિક શિબિરાર્થીઓની ચિંતા કરનાર એ યુવકને ધન્યવાદ છે.**

★ **કુમારપાલ વી. શાહ :**

એ યુવકનું નામ **કુમારપાલ વી. શાહ એ શાસનનો યુવાન** હતો. શાસનના અદ્ભુત કાર્યોમાં એણે જીવન સમર્પિત કર્યું. એના સમર્પણના મૂળમાં વેદના હતી. મારા ગુરુને તકલીફ ન પડવી જોઈએ, મારા સાધર્મિકને મુશ્કેલી પડવી ન જોઈએ. મારા ધર્મની પ્રભાવના થવી જોઈએ. આનું નામ છે **"જૈનં જયતિ શાસનમ્"** આપણો આવો નાદ રોમે-રોમથી નીકળવો જોઈએ.

તમે કહો કે હે કુમારપાલ ! તમે નાની ઉંમરમાં **બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા** કરી લીધી પણ અમે મોટી

ઉમરે પણ કરીશું. બ્રહ્મચર્ય ગ્રહણ કરવાની પ્રથમ વય એટલે વીસ વર્ષ. જો તમે એ સંસારના ભોગ સુખ વિના ન કહી શકતા હો તો પાંત્રીસ વર્ષે પણ બ્રહ્મચર્ય ગ્રહણ કરી લ્યો.

ટી.વી., પિકચર, નોવેલના જોવા-વાંચવાથી ભોગ સુખના નખરાં તમારામાં જાગે છે.

**ધ્યાનમાં રાખો કે, અમારી આ શિબિર ફ્રી ઓફ ચાર્જ છે પણ અહીં આવેલા તમારા ભાવોને અમારે ચાર્જ કરવાના છે.**

**★ જોમવાન યુવાન :**

બ્રહ્મચારીઓને દેવો પણ નમસ્કાર કરે છે. જો મારી વાત તમારા સહુના હૃદયમાં ઉતરી હોય તો યુવાનો પોતાનાથી શક્ય એટલો બ્રહ્મચર્યનો નિયમ કરે. ચાહે - સપ્તાહનો, પખવાડિયાનો, મહિનાનો કે છ મહિનાનો, **તમે ભગવાન નેમિનાથને યાદ કરો, સ્થૂલભદ્ર સ્વામીનું સ્મરણ કરો. જંબુકુમારને સ્મૃતિ પથમાં લાવો, તમને જરૂર શક્તિ મળશે.**

(પૂજ્યશ્રીએ નિયમ આપતાં ઘણાં બધા યુવાનોએ નિયમ લીધા હતા) ભડવીર, સાહસવીર, દૃઢમની યુવાનોએ આજે સંકલ્પ કર્યા છે.

**કુમારપાલ** જ્યારે બાંગ્લાદેશ પર આફત આવી ત્યારે ટીમ સાથે સહાય કરવા ત્યાં પહોંચ્યા. ટીમ ક્યારે બને? કોઈ કેપ્ટન હોય તો. કુમારપાલે કેપ્ટન બની ટીમ સાથે કામ કર્યું. એમના કામથી સરકાર પણ ડોલી ગઈ. આવા કામ કરનાર આજે પણ શાસનમાં છે. આ છે જોમવાન **શાસનનો યુવાન.**

**★ અનેક પ્રતિષ્ઠા કરાવનાર શક્તિશાળી યુવાન :**

ગુરુ મહારાજ કલકત્તાથી છ'રી પાલિત સંઘ લઈ વિહાર કરતાં ભરતપુર પલ્લીવાલ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યાં હતા. એ પ્રદેશના કેટલાય લોકો દર્શને આવે પણ ખબર પડે નહીં કે જૈન છે કે નહીં? એક ભાઈને પૂછયું તો કહે કે અહીં જૈનના ત્રણ ઘર છે. ત્રણ જ ઘર છે તો આટલા બધાં દર્શન કરવા આવનાર કોણ છે ? પૂછતાં ખબર પડી કે

ત્રણે ઘર તો ઓસ્વાલ જૈનના હતા. આ બધા જૈન હતા પણ પલ્લીવાલ જૈન હતા. ધીરે ધીરે ખબર પડી કે ભરતપુરનો એ આખો ઈલાકો પલ્લીવાલ જૈનોનો હતો. એમના આગેવાનોએ આવી કહ્યું, ગુરુદેવ ! અમારો ઉધ્ધાર કરો.

તે વખતે સંઘના સંઘપતિ નટવરભાઈ આધેડવયના હતા પણ એમનો ઉત્સાહ યુવાનને છાજે તેવો હતો. ગુરુદેવે કહ્યું, નટવરભાઈ ! આ લોકોના ઉધ્ધારનું કામ તમારે સંભાળવાનું છે. નટવરભાઈએ કહ્યું આ કામ કરવા મારી પાસે **શક્તિશાળી યુવાન** છે, એનું નામ **કુમારપાળ વી. શાહ** છે અને પછી તો તેઓ બંન્ને જણા પલ્લીવાલ પ્રદેશના કામમાં જોડાયા, પૂ. ગુરુદેવે **સાદવી શુભોદયાશ્રીજી**ને ત્યાં મોકલ્યા, કુમારપાલના સાથ-સંગાથે તેઓએ ત્યાં પાંત્રીસ મંદિરોની પ્રતિષ્ઠા કરાવી.

લગભગ તેમના હાથે **પાંચસો દેરાસરના જીર્ણોદ્ધારના કામ** થયા છે. પાંજરાપોળના કામ કરવા માટે પાંજરાપોળમાં રહ્યા છે, પણ પોતાના

માટેનું દૂધ બહારથી મંગાવે. આપત્તિ કાળમાં અનેક જગ્યાએ મદદ માટે દોડ્યા છે.

**માત્ર પોતાના માટે જ નહીં પણ બીજા માટે પણ જીવનાર શાસનનો યુવાન છે. "યહ જીંદગી ઉસીકી હૈ જો કિસીકા હો ગયા".**

આટલા-આટલા કામ કરનાર **કુમારપાલ** માન-સન્માનથી દૂર રહે છે **"કલિયુગની કમાલ"** એ શીર્ષક હેઠળ **પૂ. આ. રત્નસુંદર સૂરિજીએ** એમનું જીવન લખ્યું છે.

**★ વિચારો ઉચ્ચ અને વિશાળ બનાવો...**

યુવા વયમાં લગ્ન બાદ તુરંત જ આજીવન બ્રહ્મચર્ય પાળનાર **વિજય શેઠ-વિજયા શેઠાણીની** વાત જૈન ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે. વિજય શેઠ - વિજયા શેઠાણીના બ્રહ્મચર્યના નિયમને કોઈ જાણતું ન હતું. પણ એક દિવસ બહારગામથી આવેલ શ્રાવકે તેમના ઘરે જઈ પૂછ્યું, વિજય શેઠ-વિજયા શેઠાણી કોણ છે ? એમના માતા-પિતાએ પૂછ્યું તમારે શું કામ છે ?

એ શ્રાવકે કહ્યું કે ૮૪ હજાર સાધુ-સાધ્વીની ભક્તિ કરવા અમારી ભાવના અમે ગુરુ મહારાજ પાસે વ્યકત કરી. **ગુરુ મહારાજે કહ્યું, તમે વિજય શેઠ - વિજયા શેઠાણીની ભકિત કરો, તમને ૮૪ હજાર જમાડ્યાનું પુણ્ય મળી જશે.** એ શ્રાવક જેવો **સાધર્મિક** ભક્તિનો વિચાર તો કરો, ન થાય એ સેકંડ પોઈન્ટ છે. **ધીરુભાઈ અંબાણી** હંમેશા કહેતા હતા કે **"ઓલવેઝ થીંકીંગ ઓફ બીગ" હંમેશા વિચારને વિશાળ અને ઊંચા બનાવો. જે જેટલા ઊંચા વિચાર કરશે એટલું જ એનું જીવન મહાન બનશે.**

શ્રાવકની ૮૪ હજારની ભક્તિની ભાવના થઈ તો શાસનમાં વિજય શેઠ - વિજયા શેઠાણી જેવા ગુપ્ત રત્નો પ્રગટ થયા. પ્રકાશમાં આવ્યા અનેકના જીવનનો આદર્શ બન્યા.

**★ તપોશક્તિ જયવંતી :**

આપણે આપણા જૈનધર્મનું અથવા લીધેલા નિયમોનું મજબૂતાઈથી પાલન કરીએ તો દુનિયાના

તમામ લોકોના મુખમાંથી **જૈનં જયતિ શાસનમ્** નીકળે. આપણે દ્રવ્યથી પાળીએ તો પણ પ્રભાવ પડે છે, જો ભાવથી પાળીએ તો કેવો પ્રભાવ આવે ?

આપણા જૈન ધર્મના તપનો પ્રભાવ તો પ્રત્યક્ષ દેખાય છે. નાના-નાના બાળકોને અઠ્ઠાઈ કરતાં જોઈ લોકો આશ્ચર્ય પામે છે.

અકબર પાસે વાત આવી, ચંપાબાઈ છ મહિનાના જૈનોના ઉપવાસ કરે છે. અકબર વિચારે છે, "અશક્ય વાત. હું રોજા કરું છું તો દિવસે ઉપવાસ કરું છુ. રાત્રે ખાવ છું તો પણ તકલીફ થાય છે. આ બાઈ તો રાત-દિવસ નથી ખાતી, એ કેવી રીતે કરી શકે છે ?

**પૂ. હંસરત્ન વિજય મહારાજે આ કાળમાં ૧૮૦ ઉપવાસ - છ મહિનાના ઉપવાસ** કરીને બતાવ્યું કે આજે પણ **તપોશક્તિ જયવંતી છે.**

એ પછી એમણે **ગુણરત્ન સંવત્સર તપ** કર્યો જે પણ આકરો તપ ગણાય છે. **હીરાપન્નાએ પણ ૪૦૦ ઉપવાસ** કરીને બતાવ્યું કે આ કાળમાં ઉગ્ર

તપ થઈ શકે છે **મનમાં ઉત્સાહ હોય તો શું ન થાય ?**

શિવખેરા કહે છે કે સફલ માણસો અન્ય લોકો કરતાં કાંઈ નવું કહેતા નથી કે કરતાં નથી, માત્ર એમની કહેવાની અને કરવાની રીત જ ડિફરન્ટ-જુદી હોય છે, નવી હોય છે.

**★ સાશંક નહીં... સંશોધક બનો...**

તમારે કાંઈક સારું કરવું છે તો **સાશંક બનીને નહી પણ સંશોધક બનીને કરો.** માત્ર યોગ રૂપે નહીં પ્રયોગમય બનીને કરીને કરો. દુનિયાને કાંઈક નવું આપું એવા શુભ ભવ્યભાવ સાથે કરો.

એક ડૉક્ટરને વિચાર આવ્યો કે આપણા હાર્ટમાંથી લોહી હાથ-પગ તરફ અન્ય અવયવો તરફ જાય છે ? જો લોહી હૃદયથી નાડી તરફ પહોંચી શકે છે તો નાડીથી હૃદય તરફ કેમ ના પહોંચી શકે ? અને એ માટે એણે નાના-મોટા પ્રયોગ કરી સંશોધન કર્યા, કેટલાક પ્રયોગ પોતાની જાત ઉપર જ કર્યા. આજે નાડીઓમાં સ્ટેન્ડ નંખાય છે તો હૃદય ખોલવું પડતું નથી.

જેઓ આ રીતે જગતનું-જનતાનું ભલું કરવા જાગે છે એ જ સાચા અર્થમાં જીવે છે. બાકી જાગરણની બૂમ પાડનારા સાંસદો સંસદ સભામાં પણ ઉંઘતા કેમેરામાં કેદ થઈ જાય છે, આવો જ ઉંઘતો એક ફોટો દેવગૌડાનો આવેલો જે મિટીંગમાં ઉંઘતા ઝડપાયા. દલિતોના અત્યાચાર પર ચર્ચા કરવા બેઠેલ રાહુલ ગાંધીનો પણ ઉંઘતો ફોટો છાપામાં પ્રસિદ્ધ થયેલ.

**★ પરિગ્રહનો નિયમ :**

**જો તમારે સમાજના કામ કરવા છે. ધર્મના કામ કરવા છે તો સ્ત્રીનાં લફડાને છોડો અને બીજું ધનની વધુ લાલસાને છોડી પરિગ્રહનો નિયમ લઈ લ્યો.**

વાલકેશ્વરમાં પ્રકાશ નામનો યુવાન. હીરા બજારમાં કામ કરે. એકવાર બઝારમાં તેજી આવી અને એક જ દિવસમાં એની જરૂરિયાત કરતાં અનેકગણું કમાયો. તે જ દિવસે સાંજે મારી પાસે આવીને કહે કે, સાહેબજી ! મારે હવે વધુ કમાવાની જરૂર નથી. મારી પાસે ઘણું આવી ગયું

છે, હવે હું કાંઈક સારા કામ કરું એનો રસ્તો બતાવો.

પાંત્રીસ વર્ષના એ પ્રકાશે **પરિગ્રહનો નિયમ** લઈ લીધો અને આજે શાસનના અનેકવિધ કાર્યમાં પોતાની ખૂબ જ સુંદર સેવા આપે છે. **અંતરમાં સુંદર મનોરથ કરો. રસ્તો આપોઆપ તૈયાર થઈ જશે.**

**★ શ્રી રાજેન્દ્રભાઈ દલાલ :**

**પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મહારાજે** સપરિવાર દક્ષિણદેશ તરફ પ્રયાણ કર્યું, બેંગલોર પહોચ્યા. ત્યાં તેમની પાસે એક યુવાન આવ્યો પેન્ટના ખિસ્સામાં બે હાથ નાંખી પૂ.ગુરુદેવને વિનંતિ કરી કે, સાહેબ ! સિકન્દ્રાબાદ પધારો ! અમારે ત્યાં **કુંથુનાથ ભગવાનનું દેરાસર** તૈયાર થયું છે, તેની **પ્રતિષ્ઠા** કરવી છે.

ગુરુ મહારાજે જોયું કે યુવાન નવો-નવો છે. ધર્માચારને બહુ જાણતો લાગતો નથી. પણ એની આંખોમાં તેજ છે. મુખ પર ચમક છે. કાંઈક કરવાનો તરવરાટ તેનામાંથી પ્રગટ થાય છે.

યુવાનીનો ઉત્સાહ છે. પૂ. ગુરુદેવ સિકન્દ્રાબાદ પધાર્યા, પ્રતિષ્ઠા કરાવી અને પછી વાત આવી **સિકન્દ્રાબાદથી સમેતશિખરજીની છ'રી પાલિત મહાસંઘયાત્રાની.**

એ યુવાન કાંઈ ધનપતિ ન હતો. પણ ગુરુ મહારાજે કહ્યું કે, આ યુગની આ દીર્ઘ છ'રી પાલિત સંઘયાત્રા અશક્ય છે તેને શક્ય કરવાનું છે. યુવાને કહ્યું જેઓ આ સંઘયાત્રા કાઢશે એને હું જીંદગીભર યાદ કરીશ અને શક્ય તેટલી બધી જ સેવા આપીશ. સંઘયાત્રાના સંચાલક બનવાનું મહત્ત્વપૂર્ણ કામ એણે સ્વીકાર્યું. સંઘયાત્રાના પ્રયાણ સમયે એ હર્ષથી એટલું નાચ્યો કે એને ભારેખમ ઘંટ વાગ્યો તેની પણ ખબર ના રહી.

આ યુવાન એટલે **રાજેન્દ્ર દલાલ.**

એમણે **સિકન્દ્રાબાદ થી શિખરજી છ'રી પાલિત સંઘ** અને **કલકત્તા થી પાલીતાણા છ'રી પાલિત સંઘના સંચાલક** બની સંઘને અનેક તકલીફો આવી છતાં ઉત્સાહથી પાર પાડયો. વિદેશમાં જઈ અનેક પૂજનો ભણાવ્યા તથા ન્યૂયોર્ક

અને ન્યૂજર્સીમાં સુંદર દેરાસરો બનાવડાવી પ્રતિષ્ઠા પણ કરાવી.

પૂ. ગુરુદેવનો પરિચય, પ્રવચનો, સાંનિધ્ય અને સંસ્કારના કારણે આ યુવાનમાં શાસન વફાદારી ફૂટીફૂટીને ભરાયેલી છે. કોઈપણ સમુદાયનું શાસનનું કાર્ય હોય. કોઈપણ કારણસર ક્યાંય પણ અટકે તો તેને પાર પાડવા હંમેશા ઉત્સાહી તત્પર રહે જો કે આજે તો તેમની ઉંમર પણ વૃદ્ધાવસ્થાના આરે પહોંચી ચૂકી છે. તેમ છતાંય શાસનની વાત સભા વચ્ચે કરવાની આવે તો તો તેમના અવાજમાં સિંહની ગર્જના આવી જાય છે.

આજે મારે તમને અર્વાચીન યુગના યુવાનોની વાત કરવી છે, જે શાસનના અદ્ભુત કામ કરી શાસનની સુંદર સેવા કરી રહ્યાં છે.

**★ શ્રી શૃગાલચંદજી**

મદ્રાસના એ ભાઈ છે. એ દર વર્ષે પાંચ-પાંચ લાખ રૂપિયાના ત્રણ બહુ મોટા ઈનામ આપે છે. હું એના બહુ નજીકના પરિચયમાં છું. મદ્રાસના

પરાવિભાગ એવા ટ્રીપ્લીકેનમાં રહેતા હતા. એ કહે છે હું સ્થાનકવાસી છું. સ્થાનકવાસી, દેરાવાસી, શ્વેતામ્બર કે દિગંબર આ બધાં વિશેષણો છે કોઈ ધર્મ નથી. સ્થાનકવાસી આખો દિવસ સ્થાનકમાં નથી રહેતાં કે દેરાવાસી આખો દિવસ દેરામાં નથી રહેતા. **મારે તો એ જૈન છે એ જ મહત્ત્વનું છે.**

હાલ તો મારું દીક્ષાનું ૫૩ મું વર્ષ ચાલે છે પણ આ વાત ત્યારની છે. જ્યારે મારો ૧૬ મો દીક્ષા દિવસ હતો. તે દિવસે એ મને મળવા આવ્યો, મેં કહ્યું આજે મારો સોળમો દીક્ષા દિવસ છે, કાંઈક નિયમ કે સંકલ્પ કર. મને પૂછયું કે હું શું કરું ? **પૂછે એને માર્ગદર્શન મળે.** મેં કહ્યું જો તું પૈસાની પાછળ પડીશ તો દેશના - સમાજના - શાસનના - ધર્મના કોઈ કામ નહીં કરી શકે, જો તારે જીંદગી બનાવવી હોય તો **પરિગ્રહનો નિયમ** લે.

એણે કહ્યું મને ચોવીસ કલાકનો ટાઈમ આપો. **પ્રજ્ઞાવાન યુવાન** હતો. આમ તો વાયદો કરનાર કોઈ પાછા આવતાં નથી પણ એ બીજે દિવસે પાછો

આવ્યો. મને કહે મેં બે હજાર વર્ષના ઈકોનોમીનો અભ્યાસ કર્યો છે. બઝારમાં સોનાના ભાવની વધ-ઘટ પ્રમાણે જ ચલણના મૂલ્યાંકન થતાં હોય છે. **હું પરિગ્રહનો નિયમ લઈશ પણ રૂપિયામાં નહીં. સોનામાં લઈશ, એણે સોળ કિલો સોનાના પરિગ્રહથી વધુ પરિગ્રહનો ત્યાગ કર્યો.**

મદ્રાસની કેન્સર હોસ્પીટલમાં એણે એક સાથે એક કરોડ રૂપિયાનું દાન કર્યું. સ્કુલો - કોલેજો અને અન્ય અનેક સામાજિક સંસ્થાઓમાં એનો દાન-પ્રવાહ વહેતો જ હોય છે. પ્રતિવર્ષ કરોડોનું દાન કરે છે.

એનું નામ શૃગાલચંદજી મદ્રાસમાં જૈન ફેર કર્યો ત્યારે પણ તેનું સુંદર યોગદાન હતું. **પરિગ્રહનો નિયમ કરનાર ખુલ્લે દિલે શાસનની અને સમાજની સેવા કરી શકે છે.**

**★ વર્તમાનના સર્જક બનો :**

આ બધી વાતો પુરાણો ઈતિહાસ નથી પણ વર્તમાન છે. તમે તમારા વર્તમાનને મહાન બનાવો તો તમારો પણ ઈતિહાસ બનશે.

**વિજય શેઠ-વિજયા શેઠાણી, પેથડ શાહ, ધન્ના-શાલિભદ્ર** એનો પણ એક વખત તો વર્તમાન કાળ હશે ને ? એમણે પોતાના વર્તમાનને મહાન બનાવ્યો તો આજે આપણી પાસે એમનો ઈતિહાસ આવ્યો છે. ઈતિહાસના સર્જક પ્રથમ વર્તમાનના સર્જક બને છે, માત્ર શમણામાં ન રાચો. મનને દૃઢ કરી નિશ્ચયનું બળ વધારો. બળ આવશે તો કુદરત પણ તમને અનુકૂળતા આપશે. પ્રકૃતિ પણ વિચારે છે કે કોણ કાર્ય સર્જક-સંકલ્પ શીલ એવો યુવા છે જેના ગળામાં હું માળા આરોપુ ?

★ **શ્રી સુરેન્દ્રજી ગુરુજી :**

આવો એક યુવાન બેંગ્લોરમાં છે. બેંગ્લોરની **લબ્ધિસૂરીશ્વરજી પાઠશાળામાં એ શિક્ષક** તરીકે આવ્યો. એ સમજતો હતો કે પાઠશાળા સંસ્કારની ધારા છે. **પાઠશાળા જ્ઞાનની પરબ છે, પાઠશાળા અનેક સંયમીઓને તૈયાર કરનાર વિદ્યાશાળા છે, પાઠશાળા ભાવિના શાસનના યુવાનોને ઘડનાર સંસ્કાર શાળા છે.**

પાઠશાળાનો વિકાસ, પાઠશાળામાં અભ્યાસ અને પાઠશાળાના વિદ્યાર્થીઓને પૂજા-પૂજન આદિ અનેક કાર્યમાં ટ્રેઈન કરવાના ધ્યેયને મુખ્ય બનાવી તેણે પોતાનો ધંધો શરૂ કર્યો. ધીરે ધીરે લાખોનું દાન કરી શકે એવા લાખો રૂપિયાની કમાણી કરી.

પરંતુ લગભગ ચાલીસેક વર્ષ પૂર્વે પૂ. ગુરુદેવ **વિક્રમસૂરીશ્વરજી મહારાજે** આ યુવાનને પ્રથમ વાર જોયો. ત્યારે તો હજુ એ પાઠશાળાનો શિક્ષક જ હતો. પૂ. ગુરુદેવે એની પીઠ થાબડી અને એક અદ્‌ભુત તક આપી, બેંગ્લોર દાદાવાડી, વી.વી.પુરમ્‌માં સંભવનાથ જિનાલયની પ્રતિષ્ઠા અવસરે અંજનશલાકા-પ્રતિષ્ઠા વિધિમાં વિધિકાર બનવાની, અને એ યુવાન એટલે બેંગ્લોર પાઠશાળાના મુખ્ય શિક્ષક તો ખરાં જ પણ બેંગ્લોર સંઘ પર જેની બહુમુખી શક્તિનો પ્રભાવ છવાયો છે એવા **સુરેન્દ્ર ગુરુજી.**

**સુરેન્દ્ર ગુરુજી** છડે ચોક ખુલ્લી છાતીએ કહે છે કે **વિક્રમસૂરિજી મહારાજે** હાથ પકડયા પછી લગભગ ૩૮૦થી વધુ અંજનશલાકામાં વિધિકારક

બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અનેક પ્રતિષ્ઠાઓ, અનેક જગ્યાએ દીક્ષાઓ, સંઘયાત્રાઓની માળો, ઉપધાનના પ્રસંગોમાં એમની ઉપસ્થિતિ હોય. માત્ર એ **પ્રજ્ઞાધારી નહીં પણ તપસ્વી છે.** સળંગ વીસમો વર્ષીતપ હાલ એમને ચાલી રહ્યો છે.

બેંગ્લોર ચીકપેઠના જીર્ણોદ્ધારિત આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠામાં અમે હાજર હતા. બેંગ્લોરના એ દેરાસરની પ્રતિષ્ઠાની મહત્ત્વની બોલીઓ બોલાઈ રહી હતી. સવારના સાડા આઠ વાગ્યાથી સાંજના ૭-૦૦ વાગ્યા સુધી સતત ઉભાને ઉભા અને સતત બોલતા ને બોલતાં જ રહ્યાં હતા. વર્ષીતપમાં આવો પરિશ્રમ જોઈ આવા શાસન ભક્તની શકિતને બિરદાવવાનું મન થયા વગર રહે નહીં.

**બેંગ્લોરથી પાલીતાણાની છ'રી પાલિત સંઘયાત્રાના તેઓ સંઘપતિ** બન્યા હતા, અનેક જગ્યાએ પ્રતિષ્ઠા આદિનો લાભ પણ લે છે. આ યુવાનને તરવરાટ, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ જોઈ અનેકના અંતરમાં ઉત્સાહનો ઝરો ફૂટે.

બેંગ્લોરના લોકો કહે છે કે અમારે ત્યાં પ્રસંગમાં **સુરેન્દ્ર ગુરુજી** આવી જાય એટલે બહાર આવી જાય.

**★ શ્રી રાહુલ કપૂર :**

બેંગ્લોરનો આવો એક બીજો યુવાન મને મળ્યો, તેનું નામ રાહુલ કપૂર. એ ક્રિકેટની કોમેન્ટ્રી આપે પણ એનો નિયમ ચૌદશનું પ્રતિક્રમણ કરવાનું જ. મેં કહ્યું તારામાં આટલી દૃઢતા છે, મક્કમતા છે, શક્તિ છે. એનો શાસન અને સમાજ માટે સદુપયોગ કરો. સામા માણસને પાણી-પાણી કરી મૂકે એવી એની વકતૃત્વ કલા. હું અમદાવાદમાં હતો અને ખબર પડી કે મોટીવેટર રાહુલ કપૂર આવી રહ્યા છે. એણે ચાર હજાર માણસ વચ્ચે મોટીવેશન લેકચર કર્યું. મને આવીને મળ્યો અને કહે તમારાથી ઘણી પ્રેરણા મેળવવી છે. તમારા આશિષ મેળવ્યા છે. હવે કાંઈક સારા માર્ગે આગળ વધવા પ્રયત્ન કરું છું.

**★ દયાનંદ સ્વામી :**

કર્ણાટકના દયાનંદસ્વામી એ પણ નીડર

છાતીના, સાહસિક ભડવીર, શૂરવીર સતત કાર્યદક્ષ વ્યક્તિત્વના સ્વામી છે. કર્ણાટકમાં એમણે એક કરોડ પશુઓની પશુબલિ અટકાવી છે. ગુજરાતમાં ચેલવાડા પાસે થતી પશુબલિને રોકી છે. તેમના આ કાર્ય પછી મારી પાસે વાત આવી છે કે ગુજરાતમાં ચૌદ જગ્યાએ કેવલ અંધશ્રધ્ધાના કારણે પશુબલિ થાય છે.

બીજી ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસને યુનોએ **વિશ્વ અહિંસા દિન** તરીકે મનાવવાનું નક્કી કર્યું છે પરંતુ યુનોની દ્રષ્ટિમાં મુખ્યતયા આતંકવાદને અટકાવવાની વાત છે, પણ યુનોએ પશુહત્યાને પણ રોકવી જોઈએ. કોણ યુવાન આ પશુબલિને અટકાવશે ? કોણ આવા સ્થાનોમાં જઈ કામ કરશે ? કોણ આવી ચેલેન્જને સ્વીકારશે?

મારે આવું કામ કરનારા સાહસિક યુવાનોની જરૂર છે, જે યુવાનને લાગે કે **આ શાસન મારું છે અને હું શાસનનો છું** તેની અંદર આવા કાર્ય કરવા કૌવત જાગશે. બીજી ઓક્ટોબરના રોજ

આવા કાર્યો માટે હાકલ કરવાની છે. અત્યાચારથી જ સાબદા થઈ જજો, તૈયાર થઈ જજો. તમને મળેલી શક્તિના સદુપયોગ માટે જીવનને સફળ અને સાર્થક કરવાની તક મળી રહેલ છે.

શાસનના કાર્યમાં જરૂર લાગજો... પણ વફાદારી, પ્રામાણિકતા, ઈમાનદારી દાખવી તમારા દૃઢ નિશ્ચયને વળગી રહેશો તો જ સફળ બની પ્રગતિ કરી શકશો.

**ઊંચા આદર્શ તમને માનવમાંથી મહામાનવ બનાવશે.**

**★ નવી એડીશન :**

તમે યુવાન છો, કદાચ તમારે કમાવું પડે તો પણ સપ્તાહમાં એક દિવસ શાસન માટે આપો. યાદ રાખો **તમે શાસનના યુવાન છો તમારી યુવાનીને શાસનમય બનાવો.** તમે ગમે તે ઉમરના હોવ, પણ નક્કી કરો કે હું ઘરડો તો નથી જ. ઘરમાં દર્પણ સામે આવો નિશ્ચય કરી તમે તમારી જાતને જોશો તો અવશ્ય તમને લાગશે કે હું તો હવે સોળ વર્ષનો જ છું.

તમે ખુદ તમને યુવાન તરીકે સ્વીકારી લેશો.

યુવાન તરીકે તમારો એક એક દિવસ તમારી નવી એડીશન છે. નવું વાંચન કરો, નવું ચિંતન કરો, નવું સમાયોજન કરો. પ્રતિદિન નવનવા ઉત્સાહથી જીવનને ભરતાં રહો, ઉમંગથી રંગતા રહો.

સતત યાદ રાખો... હું શાસનનો યુવાન છું,
અને જૈન શાસન મારું છે...

: શિબિર ગીત :

શાસનનો યુવાન - યુવાનનું શાસન...

: રચયિતા :

પૂ.આ.દેવ શ્રી રાજયશસૂરિજી મ.

ધર્મો બધા છે જગ માં, જિન ધર્મ છે અનેરો
શાસન નામે ગવાયો, પાલે બને સવાયો...(૧)
યૌવન મહીં જે પાયા, ઉપદેશ ધર્મ સારા
વ્રત નિયમોને પાલી, સાર્થક જીવન સુહાયા...(૨)

શેઠ શેઠાણી વિજયા, ને શાલીભદ્ર ધન્ના
જંબુકુમાર ધન્યા, પાંચશો પ્રભવ પૂરા...(૩)
પેથડ કુમાર શૂરા, નટ એ ઈલાચી વીરા
પૃથ્વી ચંદ્રએ મિલાયા, કેવલ તણા ઉજાલા...(૪)
કલિકાલ હોય બૂરો, તોય શાસને છે વીરો
કલિકાલ ને એ કરતા, આરો ચોથો મજાનો...(૫)
શાસનને જે સમજ્યા, શાસન થકી સોહાયા.
શાસન જયકાર જગમાં, તન મન ધને ગવાયા.(૬)
ભેદો બધાય ભૂલો, વીતરાગ માર્ગે ચાલો.
આ એકતા વધારી, શાસનને ઝગમગાવો...(૭)
હો ઘરની વાતો ઘરમાં, અને પ્રેમથી વતાવો
બહાદુર થઈને સાથે, શાસન સદા ઉજાળો...(૮)
વિશ્વમાં ચારે બાજુ, ધ્વજ જૈનનો લહેરાવો
તે વિશ્વશાંતિ સ્થાપી, ધર્મી સહુને કરજો...(૯)
આ સ્વપ્ન રાજયશનું, કરજો સફલ યુવાનો
**જૈનં જયતિ શાસનમ્** નાદે આકાશ ભરજો..(૧૦)

: સૌજન્ય :

સોલારોડ જૈન
સંઘની બહેનો

આ પુસ્તક જ્ઞાનખાતામાંથી છપાયું છે
ગૃહસ્થોએ માલિકી કરવી હોય તો
પૂરી સેટની કિંમત રૂા. ૭૦
કોઈપણ જ્ઞાનખાતામાં ભરી દેવા.



શિબિરમાં ઉમટેલો માનવ મહેરામણ